NCS Code: NA, CCode: GV001

# રેલવે સુરક્ષા દળ (આર.પી.એફ.)

રેલવે સુરક્ષા દળને સામાન્ય રીતે RPF તરીકે ઓળખવામાં આવે છે, તે ભારતના ટોચના સુરક્ષા દળો પૈકીનું એક દળ છે. આર.પી.એફ.ની પ્રાથમિક કામગીરી મુસાફરો અને તેમની મિલકતોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનું છે. તેઓ રેલવે સંપત્તિની સુરક્ષાનું પણ ધ્યાન રાખે છે અને તેને કોઈ નુકસાન ન થાય તે સુનિશ્ચિત કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- લોકોને મદદ કરવી તમને ગમે છે.
- તમે શારીરિક રીતે ચૂસ્ત-તંદુરસ્ત છો
- તમે વિગતો પર ધ્યાન આપો
- તમને ટીમમાં કામ કરવું ગમે છે

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬,૦૦૦ થી ૨,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. આર.પી.એફ. કોન્સ્ટેબલ ભરતી પરીક્ષામાં લાયકાત સિદ્ધ કરો. આ પરીક્ષા માટેની લઘુત્તમ વય મર્યાદા ૧૮ વર્ષ છે, જ્યારે મહત્તમ વય મર્યાદા ૨૫ વર્ષ છે.

**અથવા**

કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો અને પછી સિવિલ સર્વિસ પરીક્ષા (UPSC) પાસ કરો. (આ RPF કોન્સેબલ કરતા ઉચ્ચ પદ માટે છે)

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

આર.પી.એફ. કોન્સેબલનું માસિક વેતન
**રૂ. ૨૭,૯૦૦ થી ૩૧,૨૭૦*** જેટલું હોય છે.

સ્રોત: http://www.ncr.indianrailways.gov.in/uploads/files/1662984619045-RPF Remuneration.pdf

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ભારતીય રેલવે સેવાઓ

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમારે શિફ્ટમાં કામ કરવું પડશે અને નિયમિત મુસાફરી કરવી પડશે. વ્યસ્ત સમયગાળા દરમિયાન કામના કલાકો વધી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

આર.પી.એફ. કોન્સ્ટેબલ → આર.પી.એફ. હેડ કોન્સ્ટેબલ → આર.પી.એફ. મદદનીશ સબ-ઇન્સ્પેક્ટર → આર.પી.એફ. સબ-ઇન્સ્પેક્ટર → આર.પી.એફ. ઇન્સ્પેક્ટર

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**ભારતમાં આવેલી માન્યતા પ્રાપ્ત કોઈપણ કોલેજ**

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in

## સાફલ્ય ગાથા

**રેખા મિશ્રા,** એક આર.પી.એફ. સબ-ઇન્સ્પેક્ટર છે. તેણી વષ ૨૦૧૪માં છત્રપતિ શિવાજી ટર્મિનસ, મુંબઈ ખાતે રેલવે સુરક્ષા દળમાં જોડાયા હતા. ૯૫૦થી વધુ ભાગેડુ અને તસ્કરી કરાયેલા બાળકોને બચાવવાના અને આ બાળકોને તેમના પરિવારો સાથે પુનઃમિલન કરાવવાના તેમના પ્રયાસો માટે તેણી જાણીતા છે. તેમના અનુકરણીય કાર્ય થકી, મહિલા સશક્તિકરણમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે ૨૦૧૭માં નારી શક્તિ પુરસ્કાર જીતવામાં તેણીને મદદ મળી.*

સ્રોત:https://www.ndtv.com/offbeat/meet-the-policewoman-who-has-saved-over-950-runaway-and-trafficked-kids-2385457

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

રેલ્વે સંરક્ષણ દળમાં કારકિર્દી, આર.પી.એફ. ખાલી જગ્યા સૂચના, આર.પી.એફ. કોન્સ્ટેબલ ભરતી